# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 07-04-2026 Day: Tuesday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## આંતરમંત્રાલય પરિષદ – ખાદ્યઅન્નનો પુરતો જથ્થો :

સરકારે ગઈ કાલે ખાતરી આપી હતી કે દેશમાં ખાદ્યાન્નનો પૂરતો જથ્થો છે. નવી દિલ્હીમાં પશ્ચિમ એશિયામાં તાજેતરના વિકાસ પર આંતર- મંત્રાલય પરિષદને સંબોધતા, ગ્રાહક બાબત વિભાગના અધિક સચિવ અનુપમ મિશ્રાએ જણાવ્યું હતું કે આવશ્યક ચીજવસ્તુઓના ભાવમાં કોઈ સામાન્ય અસ્થિરતા નથી.

---------------------------------------------------------------------------------------------

## ગુજરાતમાં પેટ્રોલ, ડીઝલ અને LPG નો પુરતો જથ્થો ઉપલબ્ધ :

પશ્ચિમ એશિયાના વર્તમાન ઘટનાક્રમો વચ્ચે ગુજરાતમાં પેટ્રોલ, ડીઝલ અને LPGનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને નાગરિકોએ ગભરાવવાની જરૂર નથી.

અમદાવાદમાં ગઈ કાલે પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરો ખાતે યોજાયેલી એક સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશનના કાર્યકારી નિદેશક સંજીવ બેહરાએ નાગરિકોને ગભરાટમાં આવીને ખરીદી કરવાથી દૂર રહેવા અપીલ કરી હતી. તેમણે કહ્યું કે, હાલ ઘરેલુ માગણીઓને પ્રાથમિકતા અપાઈ છે અને વાણિજ્યિક એટલે કે કમર્શિયલ LPGનો પુરવઠો યુદ્ધ પહેલાની સ્થિતિની સરખામણીએ 70 ટકા જેટલો પૂર્વવત્ કરી દેવાયો છે.

ઈંધણની સંગ્રહખોરી અને કાળાબજાર રોકવા સરકાર કડક પગલાં લઈ રહી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. શ્રી બેહરાએ કહ્યું કે, અત્યાર સુધીમાં 2 હજાર 400થી વધુ સ્થળોએ દરોડા પાડીને 215 સિલિન્ડર જપ્ત કરાયા તેમજ ગેરરીતિ બદલ કડક કાર્યવાહી કરવામાં આવી છે.

---

## રાજ્ય પોલીસ વડાની અધ્યક્ષતામાં બેઠક – સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના સુચારુ આયોજન માટે :

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના સુચારુ આયોજન અને કાયદો વ્યવસ્થાની સમીક્ષા માટે રાજ્ય પોલીસ વડા ડો. કે.એલ.એન.રાઓ ની ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ.

તમામ પોલીસ કમિશ્નર અને જીલ્લા પોલીસ વાળાઓ સાથે વિડીયો કોન્ફેરેન્સના માધ્યમથી યોજાયેલ બેઠકમાં પ્રતિબંધાત્મક કાર્યવાહી અને લાંબા સમયથી ફરાર આરોપીઓ સામે કડક પગલા લેવા આદેશ અપાયા હતા. જીલ્લા પોલીસ વડાઓએ વિવિધ સંવેદનશીલ જિલ્લાઓમાં કોમ્બિંગ કામગીરી સઘન કરવા અને ગેરકાયદે હથીયારો તેમજ પ્રોહીબીશનની પ્રવૃતિઓ પર કડક કાર્યવાહી કરવા ઉચ્ચ અધિકારીઓને સુચના અપાઈ હતી.

સલામતી વ્યવસ્થાને મજબુત બનાવવા રાજ્યના ૯૦૦૦ જેટલા તાલીમબદ્ધ લોકરક્ષકો અને વન વિભાગના અધિકારીઓને પણ ચૂંટણી ફરજમાં જોડવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ATSના ADGP અમિત વિશ્વકર્માની નોડેલ અધિકારી તરીકે નિમણુક કરવામાં આવી છે.

---

## રાજ્યમાં રસાયણિક ખાત્ર, બિયારણ, જંતુનાશક દવાઓનો પુરતો જથ્થો ઉપલબ્ધ :

રાજ્ય સરકારે ખેડૂતોને ખાતરી આપી છે કે, ચાલુ ઉનાળુ મોસમ અને આગામી ખરીફ ઋતુ માટે રાજ્યમાં રાસાયણિક ખાતર, બિયારણ અને જંતુનાશક દવાઓનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે.

કૃષિ વિભાગમાં સોઈલ કન્ઝર્વેશનના અધિક નિયામક નીતિન શુક્લાએ અમદાવાદમાં પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું કે , રાજ્યમાં હાલ એક લાખ 87 હજાર મેટ્રિક ટન યુરિયા, 45 હજાર મેટ્રિક ટન DAP અને એક લાખ 80 હજાર મેટ્રિક ટન NPK ખાતર ઉપલબ્ધ છે.

---

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી – પ્રથમ દિવસે ઉમેદવારી પત્ર ભરાયું નથી :

જાહેરનામાંની પ્રસિદ્ધિ સાથે જ જીલ્લામાં સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી જંગનો શંખનાદ ફૂંકાઇ ગયો છે. ગઈ કાલથી ઉમેદવારી ફોર્મ ભરવાના શરુ થઇ ચૂક્યાં છે પણ પ્રથમ દિવસે જિલ્લામાં એક પણ ઉમેદવારી ફોર્મ ભરાયું નથી.

પરંતુ 554 જેટલાં ફોર્મનો પહેલા દિવસે ઉપાડ થતાં અંતિમ દિવસોમાં ઉમેદવારીપત્રક ભરવા માટે ધસારો થાય તેવું માનવામાં આવી રહ્યું છે.

બીજી બાજુ, ગાંધીધામ મહાનગરપાલિકાની ચૂંટણી માટે પ્રથમ દિવસે કોર્પોરેશનના 13 વોર્ડ માટે 210થી વધુ ઉમેદવારીપત્ર ઊપડયા હતા.

---

## ભુજ-અમદાવાદ વચ્ચે નમો ભારત રેપીડ રેલ પુનઃશરુ :

રેલવે દ્વારા ભુજ-અમદાવાદ વચ્ચે નમો ભારત રેપીડ રેલ પુન: શરૂ કરી દેવામાં આવી છે. ફેબ્રુઆરી મહિનાના અંતમાં નમો ભારત રેપીડ રેલને એક મહિના સુધી મેઈન્ટેનન્સમાં લઈ જવામાં આવી હતી. તેના સ્થાને રેલવે દ્વારા મેમુ ટ્રેન દોડાવવામાં આવતી હતી. ટ્રેનનું મેઈન્ટેનન્સ થઈ જતાં એસી ટ્રેન પુન: દોડાવવામાં આવી રહી છે.

---

## ભુજ RTO કચેરી – નાણાકીય વર્ષ દરમ્યાન ૧૭૮ કરોડથી વધુ આવક :

ભુજ RTO કચેરીએ ગત વર્ષમાં 178 કરોડ ઉપરાંતની આવક મેળવી હતી જ્યારે પશ્ચિમ કચ્છમાં સરેરાશ દર મહિને 2400 થી વધુ દ્વિચક્રી અને 865 થી વધુ કારની ખરીદી થઈ હતી અને આખા વર્ષ દરમ્યાન કુલ 46,051 નવા વાહન માર્ગ પર દોડતાં થયાં હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર કચેરીએ વર્ષ 2025-26 દરમ્યાન કુલ 178,76,50,106 રૂપિયાની આવક મેળવી હતી જે નાણાકીય વર્ષ 2024-25ની તુલનાએ 2,63,46,123 રૂ. વધુ છે.

આ ઉપરાંત ગત નાણાકીય વર્ષના ગાળા દરમ્યાન 27,132 નવાં લર્નિંગ લાયસન્સ જારી કરવામાં આવ્યાં હતાં જયારે 13,034 નવાં ડ્રાઈવિંગ લાયસન્સ ઈશ્યૂ થયાં હતાં.

---

## કમોસમી વરસાદની આગાહી :

રાજ્યના કેટલાક જિલ્લામાં આજે કમોસમી વરસાદની આગાહી છે. હવામાન વિભાગના પ્રાદેશિક નિયામક એ. કે. દાસે કહ્યું, રાજ્યમાં પશ્ચિમી વિક્ષેપ પ્રણાલી સક્રિય થતાં આજે કેટલાક જિલ્લામાં વરસાદનું યલો અલર્ટ અપાયું છે. આ સાથે જ આગામી બે દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.

---